# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) આજથી ગુજરાત સહિત 12 રાજ્યોમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા ઝુંબેશ અમલમાં

2) ચક્રવાતી વાવાઝોડા મોન્થા આજે આંધ્રપ્રદેશના દરિયા કિનારેથી 90 થી 110 કિમી પ્રતિ કલાકની ઝડપે પસાર થાય તેવી શક્યતા.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનના સત્રને સંબોધશે

4) કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે તેલંગાણા, ઓડિશા, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં 15 હજાર કરોડની ખરીફ પાક ખરીદીને મંજૂરી આપી.

5) અન્ડર 23 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય કુસ્તીબાજ સુજીત કલ્કલે સુવર્ણ ચંદ્રક જીત્યો.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SIR

ચૂંટણી પંચ દ્વારા ગુજરાત  સહિત અન્ય 12 રાજયોમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા-SIR હાથ ધરાશે. આ અંતર્ગત BLO ની તાલીમ આજથી શરૂ થશે

ગુજરાત રાજ્ય સહિત છત્તીસગઢ, ગોવા, કેરળ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંદામાન અને નિકોબાર ટાપુ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું......

(બાઇટ- જ્ઞાનેશ કુમાર)

શ્રી કુમારે જણાવ્યું હતું કે, SIR ના બીજા તબક્કામાં 51 કરોડ મતદારોને આવરી લેવામાં આવશે. ગણતરી ફોર્મ છાપવાનું અને બૂથ લેવલ અધિકારી-BLO ની તાલીમ આજથી શરૂ થશે. ગણતરી પ્રક્રિયા 4 નવેમ્બરથી એક મહિના માટે શરૂ થશે, ડ્રાફ્ટ યાદીઓ 9 ડિસેમ્બરે અને અંતિમ મતદાર યાદીઓ 7 ફેબ્રુઆરીએ પ્રકાશિત કરાશે.

# CYCLONIC-STORM-MONTHA

બંગાળની ખાડી પર ઉભું થયેલું ચક્રવાતી વાવાઝોડું મોન્થા ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી રહયું  છે અને ચેન્નાઈથી

લગભગ ૪૨૦ કિમી પૂર્વમાં કેન્દ્રિત છે. આજે તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને તીવ્ર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ શકે છે.

આ વાવાઝોડું આજે રાત્રે કાકીનાડાની આસપાસ માછલીપટ્ટનમ અને કલિંગપટ્ટનમ વચ્ચે આંધ્રપ્રદેશના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે અને પવનની ગતિ ૯૦ થી ૧૧૦ કિમી પ્રતિ કલાકની રહેશે. દરિયાઈ મોજા ૧.૮ થી ૩.૮ મીટર સુધી ઉછળી શકે છે. હવામાન વિભાગે માછીમારોને આ મહિનાની ૨૯ તારીખ સુધી આ સ્થળોની આસપાસ ન જવાની સલાહ આપી છે.

આ વાવાઝોડા અંગે વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા..

(બાઇટ –પ્રકાશ દાસ)

પ્રધાનમંત્રી મોદીએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી સાથે વાત કરી, કેન્દ્રીય સહાયની ખાતરી આપી. શ્રી નાયડુએ તૈયારીઓની સમીક્ષા કરી અને અધિકારીઓને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને પુનર્વસન કેન્દ્રોમાં ખસેડવા નિર્દેશ આપ્યો. NDRF અને SDRF ટીમો તૈયાર છે.અધિકારીઓએ નાગરિકોને ઘરની અંદર રહેવા અને સલામતી સલાહનું પાલન કરવા વિનંતી કરી.

# ODISHA CYCLONE PREPAREDNESS

બંગાળની ખાડી ઉપર રચાયેલું ચક્રવાત મોંથા દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ઓડિશા સરકારે તોળાઈ રહેલા વાવાઝોડાને કારણે સર્જાયેલી કોઈપણ સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા માટે સજ્જતાના પગલાં વધાર્યા છે.

તંત્રએ ગંજમ અને ગજપતિના દક્ષિણી જિલ્લાઓમાં ફાયર સર્વિસના કર્મચારીઓની નવ ટીમો તૈનાત કરી છે. ગજપતિના પર્વતીય વિસ્તારોમાં સંભવિત ભૂસ્ખલનની આશંકામાં ઓડિશા આપત્તિ ત્વરિત કાર્યવાહી દળ-ODRF, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-NDRF અને વન વિભાગ તરફથી વધારાની સહાય પણ તૈયાર રાખવામાં આવી છે.

# GUJ. RAIN

છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના કેટલાંક જીલ્લાઓમાં ભારે વરસાદ વરસી રહ્યો છે..

સત્તાવાર રહીતે જાહેર કરાયેલા આંકડા અનુસાર આજે મળસ્કે ચાર વાગ્યા સુધીમાં ગુજરાતના 206 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં અમરેલીના રાજુલામાં સાડા આઠ ઇંચ જેટલો સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો. બચાવ અને રાહત ટુકડીઓ દ્વારા 170થી વધુ લોકોનું રેસ્ક્યુ કરાયું હતું.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.. જ્યારે મછીમારોને દરિયો ખેડવાની મનાઇ ફરમાવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BJP CYCLONE RELIEF

**કેન્દ્રીય મંત્રી અને ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડાએ ચક્રવાત મોન્થાથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને સહાય પ્રયાસોમાં જોડાવા માટે પક્ષના વિવિધ એકમોને નિર્દેશ આપ્યો છે.**

**શ્રી નડ્ડાએ ભાર મૂક્યો હતો કે અસરગ્રસ્ત વિસ્તારોમાં ભાજપના કાર્યકરોએ સ્થાનિક વહીવટીતંત્ર સાથે સંકલનમાં કરી રાહત સામગ્રીનું અસરકારક વિતરણ, તબીબી સહાયની જોગવાઈ અને સ્વચ્છતા અંગે જનજાગૃતિને માટે કામ કરવું જોઈએ.**

**શ્રીનડ્ડાએ ચક્રવાત પ્રભાવિત વિસ્તારોમાં લોકોની સલામતી, બચાવ અને આવશ્યક સહાય સુનિશ્ચિત કરવા માટે દરેક બૂથ સ્તરે એકત્ર થવા પક્ષના કાર્યકરોને પણ સૂચના આપી હતી.**

# INTERNATIONAL SOLAR ALLIANCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA) 8મા સત્રમાં સંબોધન કરશે. નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશી આજે ISAના ઉદ્ઘાટન સત્રને પણ સંબોધિત કરશે.

સાંભળીએ એક અહેવાલ..

(V/C: SOLAR ENERGY)

# KHARIF CROP PURCHASE

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વર્તમાન ખરીફ સિઝન માટે તેલંગાણા, ઓડિશા, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં 15 હજાર કરોડની ખરીફ પાક ખરીદીને મંજૂરી આપી છે.

કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને વધુ સારું વળતર મળે અને બજારના વધઘટથી  તેમની આવકનું રક્ષણ કરવા માટે આ મંજૂરીઓ આપવામાં આવી છે.

મંત્રાલયે તેલંગાણામાં ચાર હજાર 400 મેટ્રિક ટનથી વધુ મગ, 100 ટકા અડદ અને 25 ટકા સોયાબીનની ખરીદીને મંજૂરી આપી છે. ઓડિશાથી 18 હજાર 470 મેટ્રિક ટન તુવેર દાળની ખરીદીને પણ મંજૂરી આપી છે.

કેન્દ્રએ મહારાષ્ટ્રમાંથી ૩૩ હજાર મેટ્રિક ટન મગ, 3 લાખ ૨૫ હજાર ૬૮૦ મેટ્રિક ટન અડદ (કાળા ચણા) અને ૧૮ લાખ ૫૦ હજાર ૭૦૦ મેટ્રિક ટન

સોયાબીનની ખરીદીને પણ મંજૂરી આપી છે. વધુમાં, મધ્યપ્રદેશમાંથી લગભગ ૨૨ લાખ ૨૧ હજાર ૬૩૨ મેટ્રિક ટન સોયાબીન ખરીદવામાં આવશે.

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને વિકસીત ભારત ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ કર્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, વિકસીત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2.0એ દેશના યુવાનો માટે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાની એક શ્રેષ્ઠ તક છે. તેમણે કહ્યું કે યુવાનોના વિચારો અને આંતરદ્રષ્ટિ વિકસીત ભારત બનાવવાનો માર્ગ મોકળો કરી શકે છે.

આ ક્વિઝમાં 31મી ઑક્ટોબર સુધી ભાગ લઈ શકાશે. વિકસીત ભારત ક્વિઝ આવતા વર્ષે 10 થી 12 જાન્યુઆરી દરમિયાન સમાપ્ત થશે.

# SOU EKTA DIWAS TAIYARI

સરદાર પટેલની જન્મજયંતીની ગુજરાતના એકતા નગર ખાતે આગામી 30 અને 31 ઓક્ટોબરના દિવસે ઉજવણી થનાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થનાર છે.

આ દિવસ દરમિયાન વિવિધ બેન્ડ દ્વારા રજૂઆત કરવામાં આવશે. અલગ અલગ રાજ્યોમાંથી પણ બેન્ડ આ ઉજવણીમાં ભાગ લેશે. આ પરેડ દરમિયાન

દસ ટેબ્લોનુ નિદર્શન કરાશે તેમ ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યુ હતું.

રાષ્ટ્રીય એકતા દિવસ પરેડમાં, સ્વદેશી શ્વાનોની ટુકડી (K9s) ખાસ સરહદ સુરક્ષા દળ BSF ટુકડી પણ ભાગ લેશે. આ ટુકડી શિસ્ત, ચપળતા અને સ્થાનિક જાતિઓમાં ભારતનો વધતો વિશ્વાસ દર્શાવે છે

---

# INDIAN WRESTLER

U23 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પુરુષોની ફ્રીસ્ટાઇલ 65 કિગ્રા ટાઇટલ મુકાબલામાં ભારતીય કુસ્તીબાજ સુજીત કલ્કલે સુવર્ણ ચંદ્રક જીત્યો. સર્બિયામાં ઉઝબેકિસ્તાનના ઉમિદજોન જાલોલોવને 10-0થી હરાવીને આ ચંદ્રક પોતાને નામ કર્યો

---

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ SIR ની કામગીરી અને સૌરાષ્ટ્રમાં પડેલા કમોસમી વરસાદના સમાચારોની હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચાર લખે છે સૌરાષ્ટ્રમાં કમોસમી મેઘ તાંડવ- ખેડૂતો પાયમાલ.